RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

વર્ષ-૦૬ અંક- ૨૨ (સુરત) તા.૦૩/૦૩/૨૦૨૬ મંગળવાર તંત્રી- મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના-૦૪ કિંમત ૧/- રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-06, ISSUE-22 SURAT DATE-03/03/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 મક્કા-મદીનામાં સુરત જિલ્લાના ૩૦૦થી વધુ યાત્રાળુ ફસાયા:મધ્ય-પૂર્વમાં ફ્લાઇટ રદ થતાં પરિવારજનોમાં ચિંતા; પાછા લાવવા વ્યવસ્થા કરવા માગ

2 માર્ચથી જ કાળઝાળ ગરમીની શરૂઆત, આ વર્ષે રેકોર્ડ તૂટવાની શક્યતા

3 મહાત્મા ગાંધી પ્રા. શાળા અને પૂ. હરિપ્રસાદ સ્વામીજી પ્રા. શાળા ના સયુંક્ત ઉપક્રમે વાલી દ્વારા મહા સફાઈ અભિયાન

3 વિજ્ઞાન ગુર્જરી સુરત દ્વારા નેશનલ સાયન્સ ડે ઉજવાયો

## યુદ્ધ વચ્ચે ઈરાન-ઈઝરાયલ સહિત ૬ દેશોના વિદેશ મંત્રી સાથે જયશંકરની ટેલિફોનિક વાતચીત, તણાવ ઘટાડવા અપીલ

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષે સમગ્ર વિશ્વની ચિંતામાં વધારો કર્યો છે. મધ્ય પૂર્વમાં સર્જાયેલી આ ગંભીર સ્થિતિ વચ્ચે ભારત 'બેલેન્સિંગ એક્ટ' ની વ્યૂહરચના સાથે મેદાનમાં ઉતર્યું છે. ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે છેલ્લા ૨૪ કલાકમાં ઈરાન અને ઈઝરાયલ સહિત કુલ ૬ દેશોના વિદેશ મંત્રીઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી તણાવ ઘટાડવા અને શાંતિ જાળવવા અપીલ કરી છે.



અહેવાલો અનુસાર, વિદેશ મંત્રી એસ. જયશંકરે સંઘર્ષના બંને મુખ્ય પક્ષો સાથે વાતચીત કરી ભારતનું વલણ સ્પષ્ટ કર્યું છે. ઈઝરાયલી વિદેશ મંત્રી ગિદોન સાર સાથેની વાતચીતમાં એસ. જયશંકરે ભારપૂર્વક જણાવ્યું કે કોઈપણ વિવાદનો ઉકેલ માત્ર રાજદ્વારી વાતચીત દ્વારા જ શક્ય છે. જયારે ઈરાની વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથેની ચર્ચામાં ભારતે તાજેતરના હુમલાઓ અને વળતા હુમલાઓ સામે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. ભારતનો પ્રયાસ છે કે આ સંઘર્ષ વધુ વકરે નહીં.

ભારતની સૌથી મોટી ચિંતા ખાડી દેશોમાં વસતા લાખો ભારતીય કામદારોની સલામતી છે. આ સંદર્ભમાં એસ. જયશંકરે કુવૈત અને કતારની નવીનતમ સ્થિતિ અને સુરક્ષા

**ભારતની સૌથી મોટી ચિંતા ખાડી દેશોમાં વસતા લાખો ભારતીય કામદારોની સલામતી છે. આ સંદર્ભમાં એસ. જયશંકરે કુવૈત અને કતારની નવીનતમ સ્થિતિ અને સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરી.**

વ્યવસ્થાઓની સમીક્ષા કરી. બહેરીન અને યુએઈ આ બંને દેશોએ ભારતને ખાતરી આપી છે કે કોઈપણ કટોકટીના સમયે ભારતીય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે સ્પષ્ટ કર્યું છે કે જો આ તણાવ વધશે તો તેની અસર માત્ર વૈશ્વિક અર્થતંત્ર (ક્રૂડ ઓઈલના ભાવ વગેરે) પર જ નહીં, પરંતુ માનવ સુરક્ષા પર પણ ગંભીર રીતે પડશે. નોંધનીય છે કે, આ કટોકટીના સમયમાં તમામ મુખ્ય ખાડી દેશોનું ભારત સાથે ઊભા રહેવું એ ભારતની મોટી રાજદ્વારી જીત ગણી શકાય. ભારત હાલમાં બંને પક્ષો વચ્ચે સંતુલન જાળવીને શાંતિ દૂતની ભૂમિકા ભજવી રહ્યું છે.

## યુદ્ધ વચ્ચે મિડલ ઈસ્ટમાં અનેક ભારતીયો ફસાયા! ઈન્ડિગો-એર ઈન્ડિયાની ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ



મધ્ય પૂર્વમાં યુદ્ધ ભડકી ઉઠ્યું છે. ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા ઈરાન પર કરવામાં આવેલા સંયુક્ત હુમલાથી આ વિસ્તારમાં સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની ગઈ છે. શનિવારે થયેલા હુમલામાં ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનેઈ માર્યા ગયા છે. સર્વોચ્ચ નેતાના મોતથી ઈરાન રોષે ભરાયું છે અને વળતો પ્રહાર કરવાની ચેતવણી આપી છે. આ તમામ ઘટનાક્રમની સીધી અસર હવાઈ મુસાફરી પર જોવા મળી રહી છે.

ઈરાન પર થયેલા હુમલાને કારણે શનિવારે ૪૧૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી અને હવે રવિવારે ભારત ૪૪૪ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરે તેવી શક્યતા છે. એવિએશન રેગ્યુલેટર UAE એ સ્થિતિ પર દેખરેખ વધારી દીધી છે અને એરલાઇન કંપનીઓ સાથે સતત સંપર્કમાં છે. મધ્ય પૂર્વમાં મોટી સંખ્યામાં ભારતીયો રહે છે. જેઓ એરસ્પેસ બંધ થવાને કારણે ત્યાં ફસાઈ ગયા છે. દુબઈ હોય કે અબુ ધાબી, સોશિયલ મીડિયા પર ભારતીયો પોતાની વેદના વ્યક્ત કરી રહ્યા છે.

એર ઈન્ડિયાએ તેની આંતરરાષ્ટ્રીય સેવાઓમાં મોટો કાપ મૂક્યો છે. એરલાઇને જણાવ્યું કે, મુસાફરો અને ક્રૂની સુરક્ષા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ૧ માર્ચના રોજ ઓપરેટ થનારી ઘણી મહત્વની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

## મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે PM મોદીએ નેતન્યાહૂને ઘુમાવ્યો ફોન, ભારતની ચિંતા જણાવતા કરી અપીલ

મધ્ય પૂર્વમાં સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. ઈરાન દ્વારા યુનાઇટેડ આરબ એમિરેટ્સ પર કરવામાં આવેલા મિસાઇલ હુમલાની સખત નિંદા કર્યા બાદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાતચીત કરી છે. પીએમ મોદીએ આ હિંસા વહેલી તકે અટકાવવા અને સામાન્ય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો છે.



સોમવારે વહેલી સવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર માહિતી આપતાં પીએમ મોદીએ જણાવ્યું કે, તેમણે નેતન્યાહૂ સાથે પ્રાદેશિક સ્થિતિ અંગે ચર્ચા કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ભારત આ ઘટનાક્રમથી ચિંતિત છે અને શાંતિ સ્થાપવા માટે મધ્યસ્થી અને વાતચીતનો માર્ગ અપનાવવો અત્યંત મહત્ત્વનું છે. આ પહેલા રવિવારે રાત્રે પીએમ મોદીએ UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે પણ વાત કરી હતી. ઈરાને UAEપર જે હુમલા કર્યા તેની ભારતે આકરા શબ્દોમાં નિંદા કરી છે. આ સંઘર્ષમાં એક ભારતીય નાગરિક પણ ઈજાગ્રસ્ત થયો હોવાના અહેવાલ છે.

## ફેબ્રુઆરીમાં જીએસટી કલેકશન ૮.૧ ટકા વધીને રૂ.૧.૮૩ લાખ કરોડ

નવી દિલ્હી- ફેબ્રુઆરી, ૨૦૨૬માં ઘરેલુ વેચાણ અને આયાતમાંથી થતી આવક વધવાને કારણે કુલ જીએસટી કલેક્શન ૮.૧ ટકા વધીને ૧.૮૩ લાખ કરોડ રૂ. રહ્યું છે તેમ સરકાર દ્વારા જારી આંકડામાં જણાવવામાં આવ્યું છે. કુલ ડોમેસ્ટિક રેવન્યુ ૫.૩ ટકા વધીને ૧.૩૬ લાખ કરોડ રૂ. જયારે કુલ ઇમ્પોર્ટ રેવન્યુ ૧૭.૨ ટકા વધીને ૪૭,૮૩૭ કરોડ રૂ. રહી છે. કુલ રિફંડ ૧૦.૨ ટકા વધીને ૨૨,૫૯૫ કરોડ રૂ. રહ્યું છે.



કુલ નેટ જીએસટી કલેક્શન ગયા વર્ષની સરખામણીમાં ૭.૯ ટકા વધીને ૧.૬૧ લાખ કરોડ રૂ.રહ્યું છે. નેટ સેસ રેવન્યુ ૫૦૬૩ કરોડ રૂ. રહી છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં નેટ સેસ રેવન્યુ ૧૩,૪૮૧ કરોડ રહી હતી. ઉલ્લેખનીય છે કે સપ્ટેમ્બર, ૨૦૨૫ માં ૩૭૫ વસ્તુઓનાં જીએસટી દરોમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૫,૧૨,૧૮ અને ૨૮ ટકાનાં જીએસટીનાં ચાર સ્લેબની જગ્યાએ પાંચ અને ૧૮ ટકા એમ બે સ્લેબ રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત કેટલીક લક્ઝરી વસ્તુઓ અને તમાકુ ઉત્પાદનો માટે મહત્તમ ૪૦ ટકાનો સ્લેબ નક્કી કરવામાં આવ્યો છે.

## ઈરાન-ઈઝરાયલ યુદ્ધથી સુરતના લાખો કામદારોની રોજી રોટી છીનવાશે?



સુરત- ઈરાન અને ઇઝરાયલ વચ્ચે વચ્ચેના યુદ્ધની સીધી અસર હવે સુરતના અર્થતંત્રની કરોડરજ્જુ સમાન ટેક્સટાઇલ, હીરા અને જવેલરી ઉદ્યોગ પર પડવાની ભીતિ સેવાઈ રહી છે. એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા ડાયમંડ જવેલરી પર ટેરિફમાં રાહત મળતા વેપારીઓમાં નવી આશા જન્મી હતી, પરંતુ યુદ્ધના ભણકારાએ આ આશા પર પાણી ફેરવી દીધું છે. આમ આ યુદ્ધ હવે સુરતના અર્થતંત્રને વેરવિખેર કરી નાંખે એવી સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ભારતમાંથી જેમ્સ એન્ડ જવેલરીનું વિશ્વમાં ૧૦૦% એક્સપોર્ટ કરવામાં આવે છે. હાલમાં યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં સુરક્ષાના કારણોસર એર કાર્ગો ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. ટ્રાન્સપોર્ટ સુવિધા ઠપ થઈ જવાથી તૈયાર માલ વિદેશ મોકલી શકાતો નથી, જેના કારણે સુરત અને મુંબઈના બંદરો અને એરપોર્ટ પર કરોડો રૂપિયાનો તૈયાર માલ અટવાઈ પડ્યો છે. વેપારીઓને ડર છે કે જો આ સ્થિતિ લાંબો સમય ચાલશે તો પેમેન્ટ ફસાઈ જવાની મોટી સમસ્યા ઊભી થઈ શકે છે. ભારતની કુલ જવેલરી નિકાસમાંથી એકલા અમેરિકામાં ૩૫% માલ મોકલવામાં આવે છે. અમેરિકા તરફથી આવતા ઓર્ડરમાં મોટો ઘટાડો થવાની ભીતિ સેવાઈ રહી છે. તાજેતરમાં જ ડાયમંડ જવેલરી પર ટેરિફ ઝીરો કરવામાં આવ્યો હતો, પરંતુ બજારમાં માંગ જ ન હોવાથી આ શૂન્ય ટકા ટેરિફનો લાભ લેવા માટે કોઈ લેવાલ નથી.

**સુરતના ડાયમંડ-ટેક્સટાઇલ ને જેમ્સ એન્ડ જવેલરીને ગંભીર ફટકો, કાપડ ઉદ્યોગના જ ૨૨ લાખ લોકોની રોજગારી પર મોટું સંકટ**




## ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રારંભ: અમદાવાદ સહિત અનેક શહેરોનું વધશે તાપમાન, હવામાન વિભાગની આગાહી

શિયાળાની વિદાય બાદ હવે ગુજરાતમાં ઉનાળાએ પોતાનો અસલી મિજાજ બતાવવાનું શરૂ કર્યું છે. હવામાન વિભાગ અનુસાર, આગામી દિવસોમાં તાપમાનમાં હજુ પણ વધારો થવાની શક્યતા છે, જેની સીધી અસર જનજીવન પર જોવા મળશે. વધતી ગરમીને ધ્યાનમાં રાખીને તંત્ર અને નિષ્ણાતો દ્વારા લોકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.



છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર, આગામી અઠવાડિયા દરમિયાન તાપમાન ઉંચા સ્તરે સ્થિર રહેશે, જેના કારણે બપોરના સમયે રસ્તાઓ પર સ્વયંભૂ કરફ્યુ જેવી સ્થિતિ જોવા મળી શકે છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત જેવા શહેરોમાં ગરમીનું પ્રમાણ વધુ અનુભવાશે.

હવામાન વિભાગે માર્ચમાં ગરમી વધતા વરસાદ સારો રહેવાનું અનુમાન વ્યક્ત કર્યુ છે. મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની શક્યતા છે. માર્ચ મહિનામાં કચ્છ અને દ્વારકામાં રહેશે ઉકળાટ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાશે. આ ઉપરાંત રાજયમાં આ વર્ષે ચોમાસું સારૂ રહેવાની શક્યતા છે. 'શરીરમાં પાણીનું પ્રમાણ જાળવી રાખવા પુષ્કળ પાણી, છાશ, લીંબુ શરબત અથવા ઓઆરએસ લેતા રહેવું. 'હળવા રંગના અને સુતરાઉ કપડાં પહેરવા જેથી ગરમી સામે રક્ષણ મળે. 'સવારના ૧૧થી બપોરના ૪ વાગ્યા સુધીના તીવ્ર તાપમાનમાં બિનજરૂરી બહાર જવાનું ટાળવું. જો બહાર જવું અનિવાર્ય હોય, તો માથું ઢાંકીને રાખવું. 'વૃદ્ધો અને બાળકોમાં ડિહાઈડ્રેશનની સમસ્યા ઝડપથી થઈ શકે છે, તેથી તેમની ખાસ સંભાળ રાખવી.

## આજ પ્રજાપંખ માં....

### -હું અને મારો શ્યામ-



ધ્યાન લગાવી બેઠો હતો
મગ્ન હતો શ્યામના નામમાં,
ખોવાઈ ગયો એના ધ્યાનમાં
દૂનિયાથી દૂર એના શરણમાં.

મધુર, મધુર ધ્વનિ હતી
હવા સનસનાટી હતી,
પક્ષીઓ નો કલરવ હતો
શ્યામની છબી આંખોમાં હતી.

મને જરા સ્પંદન થયો
શાંત મનમાં હલચલ થઈ,
દિલમાં ખલબલી મચી ગઈ
ચેતનાનો અદ્ભુત અનુભવ થયો.

આંખો ખોલી તો દિવ્ય દર્શન થયા
રોમે રોમે મારો પુલકિત થયો,
આ તો શું મારો શ્યામ છે ?
સાક્ષાત મારા સામે બિરાજમાન છે ?

હાથ જોડીને વંદન કર્યા
અહોભાગ્ય મારું, દર્શન થયા.
વાંસળી વગાડીને એ તો ઝુમવા લાગ્યો
કહે આજે તો હોળી છે.

કંઈ સમજુ એ પહેલા તો ગુલાલ ફેંક્યો
રંગોથી હું તો રંગમય થયો,
નાચવા માંડયો મારા મોહન જોડે
તન-મન, સૂઝ-બુઝ ખોઈ ખોવાઈ ગયો.

ભવ્ય હતો એ પળ
અકલ્પનીય હતો એ ક્ષણ,
રમી રહયા હતા, ઝૂમી રહયા હતા
અનંતમાં મન મૂકીને ખોવાયા હતા.

અદનો માણસ છું. ધન્ય છે,
મને આ અનુભવ થયો,
હું અને મારા શ્યામ એક થયા
આરાધના મારી સફળ થઈ.

-અશ્વિન 'અટપટો'

## કોળી સમાજના સંગઠનને તોડનારા તત્વોને બાવળિયાએ આડેહાથ લીધા

## કહ્યું- કેટલાક લોકો પોતાને પ્રમુખ ગણાવી ભ્રમણા ફેલાવે છે, સુરતમાં અખિલ ભારતીય કોળી સમાજની બેઠક યોજાઈ



સુરત- સુરતના આંગણે આજે અખિલ ભારતીય કોળી સમાજની એક અત્યંત મહત્વપૂર્ણ 'સંગઠન વિચાર વિમર્શ' બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સમાજના અગ્રણી નેતા અને કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન સમાજના ઉત્થાન અને સંગઠનની મજબૂતી પર ભાર મૂકવામાં આવ્યો હતો, સાથે જ સમાજમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણ અંગે બાવળિયાએ આકરા પ્રહારો કર્યા હતા.

બેઠકને સંબોધતા કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, હાલમાં કેટલાક તત્વો અખિલ ભારતીય કોળી સમાજની એક્તાને ખંડિત કરવાનો અને સંગઠનને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે સમાજની ગરિમા સાથે રમત કરનારાઓને સાંખી લેવામાં નહીં આવે.

કેટલાક લોકો મનસ્વી રીતે પોતાની જાતને પ્રમુખ તરીકે જાહેર કરી રહ્યા છે, જે ગેરબંધારણીય છે. આવા તત્વો ખોટી રીતે હોદ્દાઓ ધારણ કરી આખા કોળી સમાજને ગેરમાર્ગે દોરી રહ્યા હોવાનું બાવળિયાએ જણાવ્યું હતું. બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય સંગઠનને મજબૂત બનાવી આવા તત્વોથી સમાજને સાવચેત કરવાનો હતો. સમાજનું હિત સંગઠનમાં છે, પરંતુ કેટલાક લોકો વ્યક્તિગત સ્વાર્થ માટે પોતાને પ્રમુખ ગણાવી ભ્રમણા ફેલાવે છે. કોળી સમાજે આવા તત્વોથી સાવધ રહેવાની જરૂર છે.

કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, સુરત ખાતે આજે ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હી આ પાંચેય રાજયોમાંથી અખિલ ભારતીય કોળી સમાજના અમારા સંગઠનના હોદ્દેદારો અને ગુજરાતના અહીંથી ચંદ્રવદનભાઈ, સાંસદ ઉમેદભાઈ, ઉમેશભાઈ અને લગભગ બારેક જિલ્લાઓમાંથી સમાજના વરિષ્ઠ આગેવાનો અહીંયા સુરત ખાતે આજે મળવાનું થયું હતું.

## માર્ચથી જ કાળઝાળ ગરમીની શરૂઆત, આ વર્ષે રેકોર્ડ તૂટવાની શક્યતા




રાજયમાં આજથી ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગની આગાહી અનુસાર માર્ચમાં જ તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચી શકે છે. સામાન્ય રીતે એપ્રિલમાં જોવા મળતી ગરમીએ આ વર્ષે થોડી વહેલી જ દસ્તક આપી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ગરમીનો પ્રભાવ વધુ રહેવાની સંભાવના છે. જયારે અમદાવાદ અને ગાંધીનગર સહિતના મધ્ય ગુજરાતમાં પણ મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી આસપાસ નોંધાઈ શકે છે. આગામી પાંચ દિવસ સુધી ઉકળાટભર્યું વાતાવરણ રહેશે અને તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે.

રાજયમાં હિટવેવના દિવસોની સંખ્યા સામાન્ય કરતાં વધુ રહી શકે છે. માર્ચના પ્રથમ અઠવાડિયામાં જ ગરમીનો માહોલ ઘેરાતો હોવાથી બપોરના સમયે લોકો માટે બહાર નીકળવું મુશ્કેલ બની શકે છે. ખાસ કરીને મહાનગરોમાં સિમેન્ટ-કોંક્રીટના જંગલ અને વાહનવ્યવહારના કારણે તાપમાન વધુ અનુભવાય છે.

## યુદ્ધ વચ્ચે દુબઈમાં ફસાઈ ભારતની ઓલિમ્પિક ચેમ્પિયન...

## પીવી સિંધુએ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી વર્ણવ્યો અનુભવ



ઈરાન-ઈઝરાયલ યુદ્ધને કારણે વિશ્વભરની પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. હવાઈ મુસાફરી સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે, જેના કારણે ઘણાં દેશોના એરપોર્ટ પર લોકો ફસાયેલા છે. ભારતની બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા શટલર પીવી સિંધુ પણ શનિવારે ઈંગ્લેન્ડના બર્મિંગહામ જઈ રહી હતી ત્યારે દુબઈ એરપોર્ટ પર ફસાઈ ગઈ હતી. પીવી સિંધુએ પોતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ માહિતી શેર કરી હતી.

પીવી સિંધુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને લખ્યું, 'હું હવે સુરક્ષિત છું, મારી ટીમ સાથે દુબઈમાં ફસાઈ ગઈ છું, અને ઈરાન સાથેના યુદ્ધને લઈને પરિસ્થિતિ સતત બદલાતી રહી હોવાથી અમે સારું કરી રહ્યા છીએ. એરપોર્ટ પર અરાજકતા છે, ઘણાં પરિવારો ફસાયેલા છે અને રાહ જોઈ રહ્યા છે. અમે બધાં ફક્ત આશા રાખીએ છીએ કે અમે આમાંથી જલ્દી બહાર નીકળીશું.'

શનિવારે મોડી રાત્રે, પીવી સિંધુએ પોતાની પહેલી પોસ્ટમાં લખ્યું કે, 'અત્યારે શું થઈ રહ્યું છે તે સમજવું મુશ્કેલ છે. તે જયાં છે ત્યાંથી તેને ઇન્ટરસેપ્શન સંભળાઈ રહ્યા છે. પરિસ્થિતિ ઝડપથી બગડી રહી છે. વાસ્તવિકતા એ છે કે આ બધું ખૂબ જ ભયાનક છે. હેરાન કરનારા વીડિયો સતત સામે આવી રહ્યા છે.'

પીવી સિંધુએ આગળ લખ્યું, 'દુબઈ એક એવું શહેર છે જેને હું મારા હૃદયથી પ્રેમ કરું છું. તે હંમેશા સલામત અને જીવનથી ભરેલું અનુભવે છે, તેથી જ આ ક્ષણને સ્વીકારવી વધુ મુશ્કેલ છે. જે લોકો સતત મેસેજ કરી રહ્યા છે અને મારા સ્વાસ્થ્ય વિશે પૂછી રહ્યા છે, તેમનો હૃદયથી આભાર.'

## તંત્રી લેખ........

## દર વર્ષે ફાગણ માસની પુનમના દિવસે માર્ચ મહિનામાં આવતો લોકપ્રિય હિંદુ તહેવાર એટલે હોળી

હોળી અને ધુળેટી માત્ર ભારતમાં જ નહીં, અન્ય દેશોમાં પણ ઉત્સાહ અને ઉલ્લાસથી મનાવવામાં આવે છે. હોળીને રંગોનો તહેવાર પણ કહેવાય છે. ગુજરાત અને ખાસ કરી સૌરાષ્ટ્રમાં, હોળીને હુતાસણીથી ઓળખવામાં આવે છે. હોળીના બીજા દિવસ ધુળેટીને પડવો કહેવામાં આવે છે. હોળી આવતા લોકો ખુબ ઉત્સાહિત થઇ જાય છે. વર્ષનો આ સમય વસંત ઋતુના વધામણાનો સમય હોય છે. ખેતરો પાકથી લહેરાતાં હોય છે. યુવાન હૈયાં વસંતની સાથોસાથ ખીલી ઉઠે છે. કુદરતમાં પુષ્પોનો પમરાટ અને એક જાતની માદકતા છવાઈ જાય છે જે ઢોલીના ઢોલ સાથે ગવાતા ફાગણના ફાગ અને ધુળેટીના રંગોમાં રંગાઈને ઝૂમી ઉઠતાં જુવાન નર-નારીઓમાં જણાઈ આવે છે. એટલે તો હોળીને રદોલયાત્રા કે વસંતોત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે.

હોળીના દિવસોમાં ઘણા વિસ્તારોમાં ગામ લોકો વાજતે ગાજતે ગામમાં બધા જ લતાઓ કે વિસ્તારોમાં ફરીને હોળી માટેનો ફાળો ઉઘરાવવા નિકળે છે, આ લોકોને ઘૈરૈયાઓ કહેવાય છે. સાંજે ગામના પાદર કે મુખ્ય ચોક જેવા સ્થાન પર છાણા, લાકડાં ની હોળી ખડકીને હોળી પ્રગટાવવામાં આવે છે.

લોકો પ્રગટાવેલ હોળીની પ્રદક્ષિણા કરે છે તેમજ શ્રીફળ વગેરે પવિત્ર મનાતી વસ્તુઓથી હોળીનું પૂજન કરે છે. ઉજવણીની રીતો અલગ હોઈ શકે એમ છતાં દરેકની ભાવના એક જ હોય છે, અને તે એ કે હોળી પ્રગટાવી આસુરી તત્વોનો નાશ કરવો અને દૈવી શક્તિઓનું સન્માન કરવું. હોળીના બીજા દિવસે ધુળેટી મનાવાય છે. આ દિવસે સવારથી સૌ કોઇ નાના મોટા એકબીજા પર અબિલ, ગુલાલ તેમજ કેસુડાનાં રંગો છાંટી, રંગોની વર્ષામાં તરબોળ થઈને પોતાનો ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરે છે. કેટલાક લોકો આ દિવસોએ ભગવાન શિવને યાદ કરી ભાંગના નશાનો આનંદ લઈને મસ્ત બનીને નાચે છે. બોલીવુડની ફિલ્મી દુનિયાની જાણીતી હસ્તીઓ પણ ધુળેટીના રંગોમાં રંગાવાથી બાકાત રહેતી નથી. રંગબરસે, ભીગે ચુનરવા જેવાં ગીતો ઘણી હિન્દી ફિલ્મોમાં જોવા મળે છે.

હિંદુ ધર્મમાં આને લગતી હોલિકા અને પ્રહલાદ ની કથા બહુ જાણીતી છે. વૈષ્ણવ માન્યતા અનુસાર,હિરણ્યકશિપુ એ દાનવોનો રાજા હતો.એને બ્રહ્માજીનું વરદાન હતું કે તે રદિવસે કે રાત્રે, ઘરની અંદર કે બહાર, ભુમિ પર કે આકાશમાં, માનવ દ્વારા કે પ્રાણી દ્વારા, અસ્ત્ર કે શસ્ત્ર દ્વારા કશાથી એનું મૃત્યું થશે નહીં. આ વરદાનને કારણે તે લગભગ અમર બની ગયો. તેને મારવો એ લગભગ અસંભવ થઇ ગયું. આથી તે અભિમાની અને અત્યાચારી બની ગયો. સ્વર્ગ અને પૃથ્વી પર બધેજ હાહાકાર મચાવી દીધો. તેણે ઇશ્વરને પૂજવાનું પણ બંધ કરાવ્યું અને પોતાની પૂજા કરવાનો હુકમ કર્યો.

હિરણ્યકશિપુનો પોતાનો પૂત્ર, પ્રહલાદ, ભગવાન વિષ્ણુનો ભક્ત હતો. એને કંઇ કેટલાં ય પ્રલોભનો તથા ડર બતાવી એણે ઇશ્વર ભક્તિથી દુર કરવાના પ્રયત્નો કર્યા પરંતુ પ્રહલાદ ડગ્યો નહીં અને પોતાની ભક્તિ ચાલુ રાખી. તેણે પ્રહલાદને મારવા માટે પણ બહું જ પ્રયત્ન કર્યા પરંતુ ઇશ્વરકૃપાથી તે બધા વિફળ રહ્યા. છેવટે પ્રહલાદને મારી નાખવાના ઉદેશથી હિરણ્યકશિપુએ બાળક પ્રહલાદને, પોતાની બહેન હોલિકાનાં ખોળામાં બેસી, અગ્નિપરિક્ષા આપવાનો આદેશ આપ્યો. હોલિકા, કે જેની પાસે એક એવી ઓઢણી હતી કે જે ધારણ કરે તેને અગ્નિ પણ બાળી શકે નહીં. પ્રહલાદે પિતાની આજ્ઞાનું પાલન કર્યું અને વિષ્ણુને પોતાનો જીવ બચાવવા માટે પ્રાથના કરી.અંતે જયારે અગ્નિ પ્રગટાવવામાં આવ્યો ત્યારે પેલી ઓઢણી હોલિકાનાં મસ્તક પરથી ઉડી અને પ્રહલાદને વિંટળાઇ વળી, આથી હોલિકા અગ્નિમાં બળીને ભસ્મ થઇ ગઈ અને પ્રહલાદ સાજો સારો બહાર આવ્યો. આમ હોલિકાનું દહન થયું તે ઘટના હોળી ઉત્સવનું કારણ બની.

પછીથી ભગવાન વિષ્ણુ દ્વારા હિરણ્યકશિપુના વધની કથા આવે છે, જેમાં વિષ્ણુએ નૃસિંહ અવતાર ધારણ કરી બરાબર સંધ્યા સમયે, ઘરનાં ઉંબરા વચ્ચે, પોતાનાં ખોળામાં બેસાડીને પોતાના નખ દ્વારા ચીરી નાખી, હિરણ્યકશિપુનો વધ કરે છે. આમ આસુરી શક્તિઓ પર દૈવી શક્તિઓના વિજયનું આ પર્વ એટલે હોળી મનાવવામાં આવે છે.

## મક્કા-મદીનામાં સુરત જિલ્લાના ૩૦૦થી વધુ યાત્રાળુ ફસાયા:મધ્ય-પૂર્વમાં ફ્લાઇટ રદ થતાં પરિવારજનોમાં ચિંતા; પાછા લાવવા વ્યવસ્થા કરવા માગ

સુરત-ઇઝરાયલ અને ઈરાન વચ્ચેના તણાવને કારણે મધ્ય-પૂર્વના દેશોમાં હવાઈ મુસાફરી પર ગંભીર અસર થઈ છે. સુરક્ષાના કારણોસર ઉડાન પ્રતિબંધો લાગુ કરાતા સાઉદી સહિતની આંતરરાષ્ટ્રીય ફ્લાઇટો મોટા પાયે રદ કરવામાં આવી છે. આ પરિસ્થિતિમાં રમઝાન માસ દરમિયાન મક્કા-મદીના ઉમરાહ માટે ગયેલા સુરત જિલ્લાના 300 થી વધુ શ્રદ્ધાળુઓ ત્યાં ફસાઈ ગયા છે, જેના કારણે તેમના પરિવારજનોમાં ચિંતાનો માહોલ છે. મળતી માહિતી મુજબ, સુરત જિલ્લાના મોસાલી, કઠોર, ખોલવડ, કોસંબા, ઓલપાડ, માંગરોળ અને તડકેશ્વર જેવા વિસ્તારોના યાત્રાળુઓ રમઝાન પૂર્વે મક્કા-મદીના પહોંચ્યા હતા. ઉમરાહના ૧૦ દિવસ પૂરા થયા બાદ યુદ્ધ જેવી સ્થિતિ સર્જાતા ફ્લાઇટ સેવાઓ અચોક્કસ મુદત માટે બંધ કરી દેવામાં આવી, જેના કારણે આ શ્રદ્ધાળુઓ મક્કામાં ફસાઈ ગયા છે.



ઈરાન-ઇઝરાયલ સંઘર્ષની સાથે દુબઈમાં પણ ફ્લાઇટો રદ થતાં ભારતમાં હાજીઓના પરિવારજનો ચિંતામાં મુકાયા છે. હાલમાં ઇન્ડિગો, સ્પાઇસજેટ અને આકાશા જેવી એરલાઇન્સની ફ્લાઇટ સેવાઓ અનિશ્ચિત હોવાથી, સરકાર દ્વારા મક્કા-મદીના ગયેલા હાજીઓને વહેલી તકે સુરક્ષિત રીતે વતન પાછા લાવવા માટે ખાસ વ્યવસ્થા કરવાની માંગણી કરવામાં આવી રહી છે.

## પ્રિયંકા ચોપરાની વારાણસીનું હજુ છ માસનું શૂટિંગ બાકી




મુંબઇ : પ્રિયંકા ચોપરા તથા મહેશબાબુની ફિલ્મ 'વારાણસી'નું શૂટિંગ ૧૪ મહિનાથી ચાલી રહ્યું છે અને હજુ તેનું છ માસનું શૂટિંગ બાકી છે.

પ્રિયંકાએ જાતે કન્ફર્મ કર્યું હતું કે આ ફિલ્મનું હજુ છ મહિનાનું શિડયૂલ બાકી છે. ફિલ્મ શૂટિંગ માટે પ્રિયંકા ભારત અને અમેરિકા વચ્ચે અવરજવર કરી રહી છે. રાજામૌલીની આ મહત્વાકાંક્ષી ફિલ્મ એપ્રિલ ૨૦૨૭માં રીલિઝ કરવાનું હાલ નક્કી કરાયું છે. પ્રિયંકાએ કહ્યું હતું કે મે છ વરસથી મે ભારતની કોઇ ફિલ્મમાં કામ કર્યું નહતું. પરંતુ રાજામૌલીની વારાણસીની ઓફરને નકારી શકી નહોતી. રાજામોલી ભારતના સૌથી પ્રતિભાશાળી દિગ્દર્શકોમાંનો એક છે.

ફિલ્મનાં શૂટિંગ માટે તેલંગણામાં જ વારાણસીનો સેટ તૈયાર કરાયો છે. આ ઉપરાંત ફિલ્મના કેટલાક ભાગનું શૂટિંગ ઓડિસામાં તથા કેટલાક ભાગનું શૂટિંગ આફ્રિકામાં થયું છે.

## રાશીફળ

**મેષ** -બીજા પર વધુ વિશ્વાસ ન કરવો. વ્યાપાર-વ્યવસાય સારો અને લાભદાયી રહેશે. માતા-પિતાનું આરોગ્ય ઠીક રહેશે. નવા સંબંધ લાભદાયક રહેશે. કુટુંબ-વેપારમાં મતભેદ, ભાગીદારી પર ગહન શોધનો યોગ. જીવનસાથી અને ભાગીદારીથી શુભ કાર્યોનો યોગ. માંગલિક કાર્ય થશે.

**વૃષભ** -યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. મકાન સંબંધી સમસ્યાનું સમાધાન થશે. મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે.

**મિથુન**-કોઈના ભરોસે ન રહેતા પોતાનું કામ પોતે જ કરવું. પાછલા અટકેલા કાર્યોની તરફ ધ્યાન આપીને પ્રયત્ન કરવા પર સારા પરિણામ આવવાની શક્યતા છે. ધન તેમજ સમય પસાર થવાનો યોગ.યાત્રા થઈ શકે છે.યાત્રા થઈ શકે છે.પ્રયત્નોનો ફળ તરત જ મળશે.

**કર્ક** -કોઈના ભરોસે ન રહેતા પોતાનું કામ પોતે જ કરવું. પાછલા અટકેલા કાર્યોની તરફ ધ્યાન આપીને પ્રયત્ન કરવા પર સારા પરિણામ આવવાની શક્યતા છે. ધન તેમજ સમય પસાર થવાનો યોગ.યાત્રા થઈ શકે છે.યાત્રા થઈ શકે છે.પ્રયત્નોનો ફળ તરત જ મળશે.

**સિંહ**-સંપત્તિ ખરીદવાનો યોગ બનશે. અધ્યયનમાં મન લાગશે. ભાઈબંધ પ્રત્યે સહયોગની ભાવના વધશે. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાની તક મળશે. કુટુંબ-વેપારમાં મતભેદ, ભાગીદારી પર ગહન શોધનો યોગ. જીવનસાથી અને ભાગીદારીથી શુભ કાર્યોનો યોગ.

**કન્યા**-આળસથી બચવું તથા કાર્યો સમય પર કરવાનો પ્રયત્ન કરો. સંતાન તરફથી પ્રસન્નતા રહેશે. સ્વ-વિવેકથી કાર્ય કરવું લાભદાયી રહેશે. કુટુંબ-વેપારમાં મતભેદ, ભાગીદારી પર ગહન શોધનો યોગ. જીવનસાથી અને ભાગીદારીથી શુભ કાર્યોનો યોગ. માંગલિક કાર્ય થશે.

**તુલા**-બિનજરૂરી કાર્યોથી દૂર રહેવું. વેપારમાં ઉન્નતિ થશે. કુટુંબનાં સભ્યોનો સહયોગ મળી શકે છે. કોઈ અગત્યનું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થશે. પ્રયત્નોનો ફળ તરત જ મળશે. દુસ્સાહસ ન કરવું.

**વૃશ્ચિક** -પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી મેળમેળાપ વધશે. ઉદર વિકારને કારણે ખાવાપીવા પર સંયમ રાખવું. ઉપહાર મળશે. કાર્યોને સમય પર કરવાનો પ્રયત્ન કરવો. વાહન ધ્યાનથી ચલાવો. માતૃ પક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ વગેરેનો યોગ.

**ધન**-નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. વ્યાપારમાં મુશ્કેલીનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ, વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. નોકરો પર અતિવિશ્વાસ ઠીક નથી. વ્યાપારમાં આશાનુકૂળ લાભ થશે. સંતાન પક્ષની ચિંતા દૂર થશે.

**મકર** -પુરુષાર્થનું પરિણામ તરત મળશે. સમયનો સદુપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે. પિતાથી વ્યાવસાયિક મુદ્દે ચર્ચા થઈ શકે છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા વેગેરેનો યોગ.

**કુંભ**-સ્વાધ્યાયમાં રુચિ વધશે. સામાજિક, માંગલિક સમારોહમાં ભાગ લેવાના યોગ બનશે. દિવસ પ્રતિકૂળ રહી શકે છે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સથિતિઓ અનુકૂળ રહેવાની સંભવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**મીન**-યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. મકાન સંબંધી સમસ્યાનું સમાધાન થશે. મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે.

## જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી સુરત અને સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘ સુરત દ્વારા શિક્ષકશ્રી અજય પટેલનુ વિશિષ્ટ શિક્ષક સન્માન

### પદ્મશ્રી યઝદી કરંજીયા શિક્ષક/કલાકારની વિશેષ ઉપસ્થિતિ રહી



**પ્રજા પંખ સુરતઃ** સુરત જીલ્લા શિક્ષણાધિકારીશ્રી ની કચેરી અને સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘના સંયુક્ત ઉપક્રમે NPS-૨૦૨૦ અને શિક્ષક સજ્જતા વિષય અંતર્ગત શૈક્ષનિક સેમિનાર-૨૦૨૬ યોજયો જેમા નવ નિયુક્ત આચર્યોનુ સ્નેહ સન્માન તથા નિવૃત્ત શિક્ષકોનુ સન્માન તથા સુરત શહેર જીલ્લા કક્ષાએ તથા રાજય કક્ષાએ મેળવેલ એવોર્ડ તથા વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું.

જેમાં વિશેષ ઉપસ્થિતિ ઉદ્ધાટક શ્રી દીપકભાઈ ચોકસી (ડી. ખુશાલદાસ જવેલર્સ), શ્રી મુકુંદભાઈ પટેલ (કેમ્પસ ડાયરેકટર/એજયુકિટવ રજીસ્ટાર વિદ્યાદીપ યુનિવર્સિટી), શ્રી હિરેનભાઈ વ્યાસ (પ્રાચાર્ય જીલ્લા શિક્ષણ તાલીમ ભવન સુરત) તથા વિશેષ ઉપસ્થિતિ પદ્મશ્રી યઝદી કરંજીયા (શિક્ષક/કલાકાર) સાહેબના હસ્તે રૂ.સી. મા.પુ નાવાલા સાર્વજનિક એકસપેરિમેન્ટલ સ્કૂલ ના સંગીત/ચિત્ર શિક્ષકશ્રી અજયકુમાર એચ. પટેલને વિવિધ એવોર્ડ તથા શાળા તથા શાળા બહાર વિદ્યાર્થીઓ સાથેની વિવિધ પ્રવૃત્તિઓ માટે વિશિષ્ટ શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું.

સમગ્ર સુરત શહેરના વિશિષ્ટ શિક્ષક સન્માન મેળવી શાળાને ગૌરવ અપાવવા બદલ સાર્વજનિક એજયુકેશન સોસાયટીના હોદ્દેદારો તથા શાળાના આચાર્યશ્રી કિશોરકુમાર એન. જાની તથા શાળા પરિવારે ખુબ ખુબ અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ આજ રીતે ઉત્તરોતર પ્રગતિ કરી સોસાયટી અને શાળાને ગૌરવ અપાવતા રહો એવી સર્વેએ ખુબ ખુબ શુભેચ્છા તથા આશિર્વાદ પાઠવ્યા છે.

# બહુમુખી પ્રતિભા ધરાવતાં સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટ પટેલનાં સ્વૈચ્છિક નિવૃત્તિ સન્માન સમારોહ પ્રસંગે જનમેદની ઊમટી

### (શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો જ નથી, તે હંમેશા પ્રવૃત જ રહે છેઃ ધારાસભ્ય, મુકેશભાઈ પટેલ)

### ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત સ્વૈચ્છિક નિવૃત્તિ સન્માન સમારોહમાં રાજયભરમાંથી સંગઠનનાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં)





પ્રજા પંખ ઓલપાડઃ ઓલ ઈન્ડિયા પ્રાયમરી ટીચર્સ ફેડરેશનનાં કાઉન્સિલર, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ અને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં બાહોશ પ્રમુખ એવાં કિરીટભાઈ જયંતિલાલ પટેલનાં સ્વૈચ્છિક નિવૃત્તિનાં અવસરે તેમનાં ભવ્યાતિભવ્ય સન્માન સમારોહનું આયોજન ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા અમીકુંજ વાડી, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. શિક્ષણનાં સૂર્ય અને સંગઠનનાં સિંહ તરીકે જાણીતા કિરીટભાઈ પટેલની શિક્ષણ જગતમાં ૩૮ વર્ષની ગૌરવવંતી શૈક્ષણિક સફર અને સંગઠન ક્ષેત્રે અપ્રતિમ યોગદાન ઉપરાંત તેમની ઓલપાડ તાલુકાથી લઈને રાજય સ્તર સુધી શિક્ષકોનાં હિત માટે નીડર અને ન્યાયસંગત ભૂમિકાનુંઋણ અદા કરવાનાં મંગલમય અવસરે જિલ્લાભરમાંથી શિક્ષક ભાઈ-બહેનો, નિવૃત્ત કર્મચારીઓ, સરપંચો, ગ્રામજનો, પરિવારજનો, મિત્રમંડળ, અધિકારીઓ-પદાધિકારીઓ સહિત વિવિધ તાલુકા, જિલ્લા તથા રાજય શિક્ષક સંગઠનનાં હોદ્દેદારો મોટી સંખ્યામાં ઊમટી પડ્યાં હતાં.

માજી વન અને પર્યાવરણ મંત્રી અને ઓલપાડનાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલનાં પ્રમુખસ્થાને યોજાયેલ આ કાર્યક્રમનું ઉદ્દઘાટન જળસંપત્તિ, પાણી પુરવઠા મંત્રી (સ્વતંત્ર હવાલો) અને હાંસોટ-અંકલેશ્વરનાં ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રારંભે દીપ પ્રજવલન બાદ ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવભાઈ પટેલે સૌને શાબ્દિક આવકાર આપી કિરીટભાઈનો જીવન વૃતાંત રજૂ કર્યો હતો. ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાએ પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં કિરીટભાઈની તાલુકાથી લઈ રાષ્ટ્રીય સ્તર સુધીની એક નીડર સંગઠન પ્રહરી તરીકેની નિ:સ્વાર્થ ભૂમિકાની સરાહના કરી હતી. મંત્રી ઈશ્વરસિંહ પટેલે પોતાનાં વક્તવ્યમાં કિરીટભાઈની સંઘર્ષથી સફળતા સુધીની યાત્રાને ઉજાગર કરી તેમને એક સારા મિત્ર ગણાવ્યા હતાં. બીજીતરફ સુરતનાં પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી અને માજી માધ્યમિક શિક્ષણ સચિવ ડી.એસ. પટેલે કિરીટભાઈને શિક્ષણ જગતનાં ધ્રુવ તારક ગણાવી તેમને પ્રાપ્ત થયેલ 'નેશનલ એવોર્ડ', 'રાજયપાલ એવોર્ડ' અને 'કર્મયોગી રોલ મોડેલ એવોર્ડ' જેવાં અનેક સન્માનોની બાબતને બિરદાવી હતી.

આ તકે ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ તથા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કિરીટભાઈને પુષ્પગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાડી સન્માનપત્ર અને સ્મૃતિભેટ અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. આ અભૂતપૂર્વ અવસરે ઉપસ્થિત ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટે વિશાળ જનમેદની સમક્ષ કિરીટભાઈ પટેલને ખેસ પહેરાવી જણાવ્યું હતું કે અમારા રાજકીય નેતૃત્વમાં નવું મોરપિંચ્છ ઉમેરાયું છે જેનો અમને ગર્વ સાથે આનંદ છે. સમારોહનાં પ્રમુખસ્થાને બિરાજમાન ઓલપાડનાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલે પોતાનાં મનનીય પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે શિક્ષક ક્યારેય નિવૃત્ત થતો જ નથી, તે હંમેશા પ્રવૃત જ રહે છે તેથી તો તેનાં ચહેરાની ચમક બધાંથી અલગ જ હોય છે. આજે આપણે સૌ કિરીટભાઈને નિવૃત્તિની નહીં બલ્કે પુનઃપ્રવૃતિ માટેની શુભેચ્છા પાઠવવા એકત્રિત થયાં છીએ. આ બહુમુખી પ્રતિભાનાં બહુમાનમાં સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, ઓલપાડ તાલુકા પંચાયત પ્રમુખ નીતાબેન પટેલ, જિલ્લાઓ પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.અરૂણકુમાર અગ્રવાલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પ્રાચાર્ય હિરેનભાઈ વ્યાસ, ગુજરાત રાજય કર્મચારી મહા મંડળનાં પ્રમુખ સતીષભાઈ પટેલ, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી જૈમિનભાઈ પટેલ તથા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી અરવિંદભાઈ ચૌધરી ઉત્સાહપૂર્વક સહભાગી થયાં હતાં. પોતાનાં પ્રતિભાવમાં ભીની આંખે કિરીટભાઈએ તેમની સમગ્ર પ્રગતિનો શ્રેય તેમની સ્વર્ગસ્થ ધર્મપત્ની શિલ્પાબેનને સમર્પિત કર્યો હતો. અંતમાં સેવામૂર્તિની સ્વૈચ્છિક નિવૃત્તિને યાદગાર બનાવવા તાલુકાનાં શિક્ષણ આલમે ડીજેનાં તાલ સાથે વાજતગાજતે કિરીટભાઈને બગીમાં સવાર કરી તેમનાં માદરેવતન સ્યાદલા સુધી ભાવભીની વિદાય આપી હતી. એમ જિલ્લાનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

## મહાત્મા ગાંધી પ્રા. શાળા અને પૂ. હરિપ્રસાદ સ્વામીજી પ્રા. શાળા ના સયુંક્ત ઉપક્રમે વાલી દ્વારા મહા સફાઈ અભિયાન



**પ્રજા પંખ સુરતઃ** નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત પી એમ શ્રી ગુજરાત શાળા નંબર-૩૪૮ મહાત્મા ગાંધી શાળા અને શાળા નંબર-૩૪૯ પૂ. હરિપ્રસાદ સ્વામી મહારાજ યોગી ચોક ખાતે શાળામાં વાલી શ્રીઓ અને શિક્ષકો દ્વારા મહાસફાઈ અભિયાન નું આયોજન કરવામાં આવ્યુ હતું, વિશાળ સંખ્યામાં વાલી બહેનો ઉપસ્થિત રહી ને શાળા એજ મારી માળા ના સૂત્ર ને સાર્થક કર્યું હતું.

શાળામાં વાલી મિત્રો પોતા, સાવરણી, સાવરણા, ડોલ અને પોતાનું લિક્વિડ લઈને આવ્યા હતા અને શાળાના રૂમ, લોબી અને શાળા ની દિવાલો, બેન્ચીસ ચકચકિત કરી દીધી હતી, જાણે પોતાનું ઘર હોય એ રીતે સફાઈ કરી વાલીમિત્રો એ સાબિત કરી દીધું કે આ શાળા સમિતિની, આચાર્ય ની કે શિક્ષક મિત્રો ની ન બની રહેતા પોતાની શાળા બની ગઈ તે રીતે સફાઈ યજ્ઞ માં આહુતિ આપી હતી.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત બાળકો માં નાનપણ થી સ્વચ્છતા ના ગુણો ખીલે અને પોતાના ઘરની સાથે પોતાની આસપાસની જગ્યા એ પણ સ્વચ્છ રાખવી એવા નૈતિક ગુણો એમનામાં વિકાસ પામે એવા શુભ આશય થી આ મહાસફાઈ અભિયાન નું આયોજન કરવામાં આવ્યું હતું,

બંને શાળા ના આચાર્યશ્રી અને શિક્ષક મિત્રો, એસએમસી કમીટી ના આ સામૂહિક પ્રયાસથી સફાઈ અભિયાન એક ઉત્સવ બની ગયો હતો, આચાર્ય શ્રી અને શાળાપરિવારે નારી શક્તિ નો આભાર વ્યક્ત કર્યો હતો.

### યુદ્ધની સ્થિતિના કારણે સોનાના ભાવમાં ભડકોઃ

# સુરતમાં બે જ દિવસમાં ૨૦,૦૦૦ રૂપિયાનો વધારો, ૨૪ કેટેટનો ભાવ ૧.૭૦ લાખને પાર



સુરત- વૈશ્વિકસ્તરે યુદ્ધની સ્થિતિ વકરતા જ સુરતના સોના બજારમાં પાછલા ૪૮ કલાકમાં અભૂતપૂર્વ સ્થિતિ સર્જાઈ છે. સામાન્ય રીતે સોનાના ભાવમાં ૨૦૦ થી ૫૦૦ રૂપિયાની વધ-ઘટ થતી હોય છે, પરંતુ રશિયા-યુક્રેન અને ઇઝરાયલ-ઈરાન વચ્ચેના વધતા તણાવને કારણે સુરતમાં સોનાના ભાવમાં માત્ર બે દિવસમાં અંદાજે ૨૦,૦૦૦ નો જંગી વધારો થયો છે.

ગુરુવાર સુધી બજારમાં સ્થિતિ પ્રમાણમાં શાંત હતી. સુરતના ઝવેરી બજારમાં ૨૪ કેરેટ સોનાનો ભાવ અંદાજે ૧,૫૦,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો. શુક્રવાર અને શનિવાર દરમિયાન યુદ્ધની ગંભીરતા વધતા અને આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની ભારે લેવાલી નીકળતા, આજે સોમવારે ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧,૭૦,૦૦૦ની સપાટી વટાવી ગયા છે.

ખુશાલભાઈ જ્વેલર્સના માલિક દીપકભાઈ ચોકસીએ જણાવ્યું હતું કે, ઓવરઓલ જોવા જઈએ તો જ્યારે શેર માર્કેટ અને ગોલ્ડ માર્કેટની વાત કરીએ, તો જ્યારે પણ કોઈપણ જાતનું યુદ્ધનું માહોલ હોય છે ત્યારે શેર માર્કેટ ઘટતું હોય છે અને ગોલ્ડ માર્કેટમાં ખૂબ મોટો ઉછાળો આવતો હોય છે. આજે આપણે જોયું કે શુક્રવાર રાત પછી શેર માર્કેટમાં કડાકો આવ્યો, બે દિવસથી બંધ હતી ઇન્ડિયન માર્કેટ છતાં પણ આજે જે માર્કેટ ઓપન થયું છે એમાં સોના અને ચાંદીમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

## તાપીઃ બાજીપુરાની યુવતીના નામે ઇન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી ધમકી આપનાર અજાણ્યા ઇસમ વિરુદ્ધ ગુનો દાખલ



**તાપી** - સોશિયલ મીડિયાના યુગમાં સાયબર ક્રાઈમની ઘટનાઓ સતત વધી રહી છે, ત્યારે તાપી જિલ્લાના વાલોડ તાલુકાના બાજીપુરા ગામની એક યુવતી સાથે માનસિક સતામણીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અજાણ્યા શખ્સે યુવતીના નામે ખોટું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવી તેનો મોબાઈલ નંબર વાયરલ કરતા ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ, બાજીપુરા ગામની યુવતીના નામે કોઈ અજાણ્યા ઈસમે ઇન્સ્ટાગ્રામ પર sanju_0234 યુઝરનેમથી એક ફેક પ્રોફાઈલ બનાવી હતી. આ શખ્સે પ્રોફાઈલ પિક્ચરમાં ફરિયાદી બહેનનો ફોટો મૂક્યો હતો અને તેમનો મોબાઈલ નંબર લખી લોકોને કોલ કરવા માટે જણાવ્યું હતું. આ ફેક આઈડી પરથી નંબર વાયરલ થવાને કારણે અજાણ્યા લોકો દ્વારા યુવતીને સતત ફોન અને મેસેજ આવવા લાગ્યા હતા, જેના કારણે તે ગંભીર માનસિક તણાવમાં આવી ગઈ હતી. આખરે આ મામલે યુવતીએ વાલોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વાલોડ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હાલમાં પોલીસ ટેક્નિકલ સર્વેલન્સની મદદથી આ ફેક આઈડી ચલાવનાર અજાણ્યા શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

**શખ્સે પ્રોફાઈલ પિક્ચરમાં ફરિયાદી બહેનનો ફોટો મૂક્યો હતો અને તેમનો મોબાઈલ નંબર લખી લોકોને કોલ કરવા માટે જણાવ્યું હતું. આ ફેક આઈડી પરથી નંબર વાયરલ થવાને કારણે અજાણ્યા લોકો દ્વારા યુવતીને સતત ફોન અને મેસેજ આવવા લાગ્યા હતા,**

## વિજ્ઞાન ગુર્જરી સુરત દ્વારા નેશનલ સાયન્સ ડે ઉજવાયો



**પ્રજા પંખ સુરતઃ** વિજ્ઞાન ગુર્જરી સુરત દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થા દ્વારા રવિશંકર મહારાજ પ્રા શાળા ઉગત ખાતે વિવિધ આઠ શાળાના વિદ્યાર્થીઓ માટે સાયન્સ ક્વિઝ અને વિજ્ઞાન વાર્તાલાપ યોજાયા હતા. ન.પ્રા. શિક્ષણ સમિતિ સુરતના ચેરમેન શ્રી રાજેન્દ્રભાઈ કાપડિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઈ. ઉપશાસનાધિકારી રાગિણીબેન ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા શ્રી મનસુખ નારિયાએ વિજ્ઞાન દિવસનું મહત્વ સી. વી. રામનના સંશોધન કાર્ય અંગે જણાવ્યુ હતું. રાજેન્દ્રભાઈ કાપડિયાએ બાળકોને વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે પ્રેરિત કર્યા હતા. જિલ્લા સંવાહક રંજનાબેન પટેલ અને અમિતભાઈ ટેલરે કાર્યક્રમનું સંકલન કર્યું હતું.

વિદ્યાર્થીઓને વિજ્ઞાન ગુર્જરી તરફથી પ્રમાણપત્રો, મેડલ અને ટ્રોફીથી સન્માનિત કરાયા હતા.

કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે પ્રહર્ષાબેન મહેતા પ્રો.બીજલ પટેલ અને જી એન કાકડીયા એ તથા ક્વિઝ સંચાલક તરીકે હાર્દિક રાવલે સેવા આપી હતી


## પ્રજાપંખ

પ્રજા પંખ
સત્યમેવ જયતે

ગુજરાતી સાપ્તાહિક- સુરત

**આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .**

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

**ખાસ ચેતવણી :**

**લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....**

Praja Pankh
prajapankh
YouTube prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com

**સંપર્ક**

મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦ | પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

# પીએમ શ્રી હૈદરગંજ પ્રાથમિક શાળામાં રંગોત્સવ ૨૦૨૫-૨૬ નો ઉત્સાહભેર ઉજવણીભર્યો માહોલ









## વિદ્યાર્થીઓની પ્રતિભા, શિક્ષકોની નિષ્ઠા અને વાલીઓના સહયોગથી વાર્ષિકોત્સવ બન્યો યાદગાર

**પ્રજા પંખ, સચિન :** સચિન સ્થિત પીએમ શ્રી હૈદરગંજ પ્રાથમિક શાળા ક્રમાંક- ૩૬૬ ખાતે ૪રંગોત્સવ ૨૦૨૫-૨૬ વાર્ષિકોત્સવ કાર્યક્રમ અત્યંત ઉત્સાહ, આનંદ અને રંગેચંગી માહોલ વચ્ચે ઉજવાયો હતો. કાર્યક્રમનો શુભારંભ દંડક તથા સુરત પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્ય શ્રી રાજેન્દ્રભાઈ પટેલના સાનિધ્યમાં મહેમાનોના કરકમળે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો.

આ વાર્ષિકોત્સવને સફળ બનાવવા માટે વિદ્યાર્થીઓએ અવિરત મહેનત અને અભ્યાસપૂર્વક તૈયારી કરી હતી, જ્યારે શાળાના શિક્ષકોએ તન-મન-ધનથી સહયોગ આપી કાર્યક્રમને ભવ્ય સ્વરૂપ આપ્યું હતું. આયોજનના ભાગરૂપે આધુનિક સાઉન્ડ સિસ્ટમ, વિશાળ સ્ટેજ, સુવ્યવસ્થિત બેઠક વ્યવસ્થા તથા શાળા સંકુલ સ્ટેજને લાઈટિંગથી દુલ્હનની જેમ શણગારવામાં આવતાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓમાં વિશેષ ઉત્સાહ અને આનંદની લહેર ફરી વળી હતી.

પ્રસંગોચિત સ્વાગત પ્રવચન કરતા પ્રિન્સિપાલ શ્રી નરેશભાઈ ભટ્ટએ ઉપસ્થિત તમામ અતિથિઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું. શાળાને નાણાંકીય તથા અન્ય સહયોગ આપનાર સેવકોનું શાલ, પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન સન્માનપત્ર સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં દંડક તથા સુરત પ્રાથમિક શિક્ષણ સમિતિ સદસ્ય શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, રંગાનુરાગ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ગિરિરાજસિંહ વાંસીયા, અનુબેન ઉર્ફે જયરાજબા કુંવરબા સોલંકી, વોર્ડ પ્રમુખ શ્રી તેજસ આહીર, મહામંત્રી શ્રી મનોજસિંહ સોલંકી, નગરસેવક શ્રી હસમુખભાઈ નાયકા અને શ્રીમતી રીનાદેવી રાજપૂત, માજી નગર સેવક ગિરીશ પટેલ તથા સુ.જી. તા. માજી જગદીશ ભડિયાદરા તથા માજીમંત્રી આરતી ઠાકુર અને વોર્ડ ૩૦ માજી પ્રમુખ દિપક ચૌધરી, યુ.આર.સી. શ્રી રાકેશ પાઠક, એલ.ડી. હાઇસ્કૂલના ટ્રસ્ટી શ્રી પરવેઝભાઈ સચિનવાળા, સેક્રેટરી ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ પટેલ,સમાજ અગ્રણી ઠાકોરભાઈ નાયક સહિત આર.સી.સી.ક્લબના પ્રેસિડેન્ટ ધનસુખ પટેલ સાથે આરસીસી પદાધિકારીઓ વિજય ટેલર, મોહનલાલ સોની, પવન જૈન, પ્રકાશ ભાવસાર અને સભ્યો તથા રંગ અવધૂત એમ્પોરિયમ ના આસિફભાઈ તેમજ સામાજિક અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હોવાનું ઉદાહરણ રજૂ થયું હતું. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલ ૧૪ જેટલી શ્રેષ્ઠ કૃતિઓને મહાનુભાવોના કરકમળે વખાણ સાથે રોકડ ઇનામ આપી સન્માનિત કરવામાં આવી રહી હતી. આ પ્રસંગે શાળાના નાનાં-નાનાં ભૂલકાઓ દ્વારા રજૂ કરાયેલા મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમોએ ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. બાળકોની પ્રતિભા, મહેનત અને આત્મવિશ્વાસને જોઈ મહાનુભવો, શિક્ષકો તથા વાલીઓએ ખુલ્લા દિલે પ્રશંસા કરી હતી અને બાળકોના ઉત્સાહવર્ધન માટે આર્થિક સહયોગ પણ કર્યો હતો.

મહાનુભવોએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે, સુરત પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શાળામાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. વાલીઓએ ફક્ત બાળકોની આંગળી પકડી શિક્ષણના માર્ગે આગળ લાવવાની છે. ગુણવત્તાયુક્ત શિક્ષકો બાળકોને શ્રેષ્ઠ ભવિષ્ય તરફ દોરી જશે.

આ પ્રસંગે ખાસ કરીને પ્રિન્સિપાલ શ્રી નરેશભાઈ ભટ્ટ દ્વારા શાળાના તમામ શિક્ષકોનું જાહેર સન્માન કરી તેમની નિષ્ઠા અને અવિરત મહેનતની હૃદયપૂર્વક કદર વ્યક્ત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં એસ. એમ. સી. સમિતિ, વાલીગણ, વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકોની હાજરીથી ૪રંગોત્સવ ૨૦૨૫-૨૬ વાર્ષિકોત્સવ એક યાદગાર અને પ્રેરણાદાયક કાર્યક્રમ બની રહ્યો હતો.

## સચિનમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ની ઉજવણી થઈ

# સમાજ અગ્રણી ઠાકોરભાઈ નાયકના વરદ હસ્તે ગણિત વિજ્ઞાન પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવ્યું




**પ્રજા પંખ સચીનઃ** આજરોજ તારીખ ૨૮/૨/૨૦૨૬ ને શનિવાર ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ની ઉજવણી માટે સરદાર વલ્લભભાઈ પટેલ સ્મૃતિ ટ્રસ્ટ સંચાલિત આશ્રમશાળા પારડી કણદે સચિનમાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન રાખવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યશ્રી મુકુંદસિંહ પરમારે મહેમાનો, વાલી, એસએમસી ના સભ્યોતેમજ વિદ્યાર્થીઓ ને આવકાર્યા અને આ દિવસ વિશે વિસ્તૃત માહિતી બાળકોને આપી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સમાજ અગ્રણી એવા ઠાકોરભાઈ મોહનભાઈ નાયક (રીટાયર શિક્ષક) ના વરદ હસ્તે ગણિત વિજ્ઞાન પ્રદર્શનને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૨ કૃતિ બાળકો દ્વારા રજૂ કરવામાં આવી હતી.

જેને શાળાના ગણિત વિજ્ઞાનના શિક્ષક શ્રુતિબેન જોષી એ તેમજ સર્વે શિક્ષકગણે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિજ્ઞાનના નાના નાના સિદ્ધાંતોને પ્રયોગ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. દરેક વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ એ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમને નિહાળ્યો.

આ પ્રદર્શનમાં ઉત્તર બુનિયાદી આશ્રમશાળા ના આચાર્ય વિમલભાઈ ભટ્ટે પણ બાળકોને પ્રોત્સાહિત કર્યા. આ કાર્યક્રમને સફળતા માટે શાળાના મંત્રી શ્રી ગીતાબેન દેસાઈ અને તમામ ટ્રસ્ટીગણ તેમજ શાળા પરિવારે બાળકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## સચિન વિસ્તારના શુભમ કોમ્પ્લેક્સમાં આગ

# લાખો રૂપિયાનું ગારમેન્ટ બળીને ખાખ, શોર્ટ સર્કિટના કારણે આગ લાગ્યાનું અનુમાન



સુરત- આજે સવારે શહેરના સચિન વિસ્તારમાં આવેલી એક તૈયાર કપડાંની દુકાનમાં ભીષણ આગ ફાટી નીકળતા ૧૫ લાખ રૂપિયાનો માલ બળીને રાખ થઈ ગયો છે. સચિનની સરસ્વતી સ્કૂલ પાસે આવેલા શુભમ કોમ્પ્લેક્સમાં લાગેલી આ આગને કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આર્થિક રીતે મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, સચિન વિસ્તારમાં સરસ્વતી સ્કૂલની નજીક આવેલ શુભમ કોમ્પ્લેક્સમાં શ્રી સુનવાની ક્રિએશન નામની રેડીમેડ ગારમેન્ટની દુકાન આવેલી છે. આ દુકાનના માલિક મનોજભાઈ છે, જેઓ છેલ્લા એક વર્ષથી અહીં પોતાનો વ્યવસાય ચલાવી રહ્યા હતા. સવારે આશરે ૧૧ વાગ્યાના સુમારે જ્યારે કામકાજ ધમધમી રહ્યું હતું, ત્યારે અચાનક દુકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા.

જોતજોતામાં આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું કે દુકાન અંદર રહેલો તમામ સામાન લપેટમાં આવી ગયો હતો. આસપાસના દુકાનદારો અને રહીશોએ તાત્કાલિક ધોરણે આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કાપડનો જથ્થો હોવાથી આગ ઝડપથી પ્રસરી ગઈ હતી.

આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવી રહ્યું છે. દુકાનમાં ઈલેક્ટ્રિક વાયરીંગમાં અચાનક થયેલા સ્પાર્કને કારણે ગારમેન્ટના જથ્થાના કારણે આગ વધી હતી. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

પ્રાથમિક અંદાજ મુજબ, આ આગમાં અંદાજે ૧૫ લાખ રૂપિયાની કિંમતનો તૈયાર માલ, કાચું કાપડ અને અન્ય સામાન બળીને ખાખ થઈ ગયો છે. મનોજભાઈ માટે આ એક મોટો આર્થિક ફટકો છે કારણ કે આ ગારમેન્ટ યુનિટ છેલ્લા એક વર્ષથી જ ચાલુ કર્યું હતું.

# MIP અને ADD મુદ્દે ૧૨ થી વધુ વીવર્સ એસોસિએશનો દ્વારા સરકારમાં લેખિત વિરોધ

**પ્રજા પંખ સુરતઃ** સુરત સહિત દેશભરના વીવર્સ સંગઠનોએ આયાતી નાયલોન યાર્ન ઉપર MIP (Minimum Import Price) અને ADD (Anti Dumping Duty) લાદવાની સ્પીનરોની માગ સામે સરકારમાં લેખિત વિરોધ નોંધાવ્યો છે. સચિન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ સોસાયટીના સચિવ અને સુરત શહેરના વીવર અગ્રણી શ્રી મયૂર ગોળવાલાના નેતૃત્વ હેઠળ અલગ-અલગ ૧૨થી વધુ વીવર્સ એસોસિએશનો તથા યાર્ન વપરાશકર્તાઓએ એકસૂરથી સરકારને રજૂઆત કરી છે.

વીવર્સ સંગઠનોનું કહેવું છે કે સ્થાનિક સ્પીનરો આયાતી નાયલોન યાર્નથી આર્થિક નુકસાન થતું હોવાનું જે દાવો કરી રહ્યા છે તે સદંતર ખોટો અને પાયાવિહોણો છે. અગાઉની વીડિયો કોન્ફરન્સ અને ઈ-મેલ દ્વારા સરકારમાં આંકડાકીય પુરાવાઓ સાથે સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સ્થાનિક યાર્ન ઉત્પાદકો નુકસાન નહીં પરંતુ નફો કમાઈ રહ્યા છે. MIP અને ADD લાગુ કરાશે તો નાયલોન યાર્ન પરથી બનતા સામાન્ય ગુણવત્તાના કાપડનું ઉત્પાદન બંધ થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે, જેના કારણે



લાખો વીવર્સ અને સંલગ્ન ઉદ્યોગો પર ગંભીર અસર પડશે.

વીવર્સોએ સ્પષ્ટ કર્યું છે કે પોલીએસ્ટર ઉપર BIS લાગુ થતાં જે રીતે ટેક્સટાઈલ ક્ષેત્રે ભારે બેરોજગારી ફેલાઈ હતી તેવો ઈતિહાસ ફરી ન સર્જાય તે માટે સરકારએ સાવચેતીપૂર્વક નિર્ણય લેવો જરૂરી છે. સ્પીનરો દ્વારા બંધ થયેલી કેટલીક કંપનીઓ માટે આયાતી યાર્ન જવાબદાર હોવાનું કહેવાય છે, પરંતુ હકીકતમાં આ કંપનીઓ ફાઈનાન્સીયલ મિસ-મેનેજમેન્ટ અને જૂની મશીનરીના કારણે બંધ થઈ હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

મહત્વપૂર્ણ રીતે, વીવર્સ સંગઠનો દ્વારા એવો પણ ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે કે આયાતી યાર્નનો વિરોધ કરનારા અનેક સ્પીનરો પોતે જ નાયલોન યાર્ન આયાત કરે છે. તેથી સરકાર દ્વારા તપાસ સમિતિ રચી સ્પીનરોના નફા-નુકસાનની નિષ્પક્ષ તપાસ કરાવવાની માગ ઉઠી છે.

આગામી ૬ માર્ચે સરકારમાં યોજાનારી MIP અને ADD વિષયક બેઠકમાં તમામ વીવર્સ એસોસિએશનો પોતાના પુરાવાઓ સાથે ફરી એકવાર મજબૂત રજૂઆત કરશે. હવે સરકાર અને DGTR દ્વારા લેવામાં આવનાર નિર્ણય પર સમગ્ર ટેક્સટાઈલ ઉદ્યોગની નજર મંડાઈ છે. આમ ઉપરોક્ત હકીકત શ્રી મયૂર ગોળવાલા સુરત શહેર વીવર અગ્રણી, સચિન ઈન્ડસ્ટ્રીયલ કો. ઓ. સોસાયટી, સચિવશ્રી, શ્રી ભૂપેન્દ્ર વ્હાવાલા, વેડ વીવર્સ એસોસિએશન-પ્રમુખ, તથા શ્રી મયૂર ચેવલી, પ્રમુખ-નાયલોન વીવર્સ એસોસિએશન- સુરત એ પ્રજાપંખ ને જણાવ્યું.

# સુરત મનપા કમિશનર એમ નાગરાજન એક્શન મોડમાં:સ્વચ્છતા સર્વેક્ષણ અને ટેક્સ વસૂલાત અંગે મેરેથોન બેઠક બોલાવી

સુરત- સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. મ્યુનિસિપલ કમિશનર નાગરાજન દ્વારા તાજેતરમાં ભટાર સ્થિત આઈસીસીસી ખાતે ઉચ્ચ અધિકારીઓ અને વિભાગીય વડાઓ સાથે એક મેરેથોન બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાકીય હિસાબોની સમીક્ષા અને આગામી સ્વચ્છતા સર્વેક્ષણ માટેની તૈયારીઓનો હતો.

આ બેઠક દરમિયાન કમિશનરે વર્ષ ૨૦૨૫-૨૬ના રિવાઈઝડ બજેટ અંગે ઊંડી ચર્ચા કરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર ચાલુ નાણાકીય વર્ષમાં આશરે ૫૧૭૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, જેની સામે કેપિટલ ખર્ચ પેટે ૩૬૫૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. કમિશનરે બાકી રહેલા સમયગાળામાં વિકાસ કાર્યોને ઝડપથી પૂર્ણ કરવા અને મહેસૂલી આવકના લક્ષ્યાંકો સિદ્ધ કરવા પર ભાર મૂક્યો હતો. ખાસ કરીને વેરા વસૂલાતની કામગીરીને વધુ તીવ્ર બનાવવા અને બાકી લેણાં વસૂલવા માટે સંબંધિત વિભાગના અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી છે.



આગામી દિવસોમાં કેન્દ્રીય સ્વચ્છતા સર્વેક્ષણની ટીમ સુરતની મુલાકાતે આવનાર છે. સુરત હંમેશા સ્વચ્છતામાં અગ્રેસર રહ્યું છે ત્યારે આ વર્ષે પણ પોતાનું સ્થાન જાળવી રાખવા માટે કમિશનર નાગરાજને અત્યારથી જ કમર કસી છે. તેમણે તમામ ઝોનલ વડાઓને આદેશ આપ્યો છે કે, શહેરના જાહેર માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં સફાઈની કામગીરીમાં કોઈ કચાસ ન રહેવી જોઈએ. ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન સિસ્ટમને વધુ સુદ્રઢ બનાવવી અને સ્વચ્છતા અંગેના પ્રોટોકોલનું ચુસ્તપણે પાલન કરવું.

વર્ષ ૨૦૨૬-૨૭ના ડ્રાફ્ટ બજેટમાં સુરત મહાનગરપાલિકાએ સ્પોર્ટ્સ પોલિસી પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યુંછે. શહેરીજનોમાં રમતગમત પ્રત્યે જાગૃતિ આવે અને સ્પોર્ટ્સ કલ્ચર વિકસે તે માટે કમિશનરે અધિકારીઓને ખાસ તાકીદ કરી છે. બેઠકમાં એ નોંધવામાં આવ્યું હતું કે, લિંબાયત અને વરાછા ઝોનમાં કેટલાક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ હાલ ધૂળ ખાઈ રહ્યા છે અથવા પૂરેપૂરા કાર્યરત નથી. કમિશનરે આ કોમ્પ્લેક્સને તાત્કાલિક ધોરણે રિપેર કરી, અપ-ટુ-ડેટ બનાવી જનતા માટે ખુલ્લા મૂકવા સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપી છે. આ ઉપરાંત શહેરમાં નવા પે એન્ડ પાર્ક પ્રોજેક્ટ્સ અને સ્પોર્ટ્સ સુવિધાઓના અમલીકરણ અંગે પણ ચર્ચા થઈ હતી.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં તમામ ઝોનના કાર્યપાલક ઈજનેરો, ઝોનલ વડાઓ, એડિશનલ સિટી ઈજનેરો અને અન્ય વિભાગીય વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

OWNER, PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230